# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-09-2024** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. છ જીલ્લાઓને આવરી લેતા સુરત ઈકોનોમિક રિજીયનના 'ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન'નું લોન્ચીંગ કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ
2. રાજ્યના ખેડૂત કૃષિલક્ષી યોજનાઓનો લાભ મેળવી શકે તે માટે આઈ-ખેડૂત પોર્ટલ 21મી સપ્ટેમ્બરથી ખુલ્લું મૂકાશે.
3. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આવતીકાલથી દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવની ત્રણ દિવસની મુલાકાતે
4. વડોદરામાં છેલ્લા ત્રણ દિવસમાં એક હજાર બસો કરતાં વધુ ખાડા પુરતુ તંત્ર...
5. ભાદરવી પૂનમે અંબાજી ખાતે મહામેળામાં અંદાજે ૩૨.૫૪ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ ‘માં અંબા’ના ચરણોમાં શિશ ઝુકાવ્યું.. બે કરોડ 66 લાખનું દાન મળ્યું.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM SURAT ECONOMIC DEV. PLAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે સુરત પરિક્ષેત્રનો 'ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'નો લક્ષ્યાંક સિદ્ધ કરશે. ગ્રોથ હબ તરીકે સુરત ક્ષેત્રના 'ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન'નું મુખ્યમંત્રીએ આજે સુરતમાં લોન્ચીંગ કર્યું હતું. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા સુરત અને આસપાસના નવસારી, ભરૂચ, ડાંગ, તાપી તથા વલસાડ જિલ્લાઓને 'ગ્રોથ હબ' તરીકે વિકસાવવાનું આયોજન છે. ૨૦૪૭ સુધીમાં ભારતને 30 ટ્રિલિયન ડોલર અર્થતંત્ર બનાવવાના લક્ષ્યને હાંસલ કરવા માટે શહેરી વિસ્તારોને સુનિયોજિત રીતે વિકસાવવાની કેન્દ્ર સરકારની યોજના હોવાનું તેમણે જણાવ્યું હતું..

રાજ્ય સરકારે ગુજરાતનું અર્થતંત્ર ૨૦૪૭ સુધીમાં સાડા ત્રણ ટ્રિલીયન ડોલર બનાવવાનું અને ૩૪ લાખ નવી રોજગારની તકોનું સર્જન કરવાનું લક્ષ્ય રાખ્યું હોવાનો પણ મુખ્યમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો. ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે, જ્યારે ગુજરાતનું ગ્રોથ એન્જિન સુરત છે, તેમ પણ મુખ્યમંત્રીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું.

(બાઇટ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

-------------------

## KHEDUT I PORTAL

રાજ્યના ખેડૂતો સરકારની ખેડૂતલક્ષી યોજનાઓનો લાભ મેળવી શકે તે માટે આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકાશે..આઈ-ખેડૂત પોર્ટલ વિવિધ જિલ્લા માટે તબક્કાવાર સાત દિવસ માટે અરજીઓ મેળવવા ખુલ્લું રખાશે..

ખેડૂતો માટેની ખેત ઓજાર, એગ્રો સર્વિસ પ્રોવાઈડર, પાક મૂલ્યવૃદ્ધિ, ફાર્મ મશીનરી બેંક, મિલેટ પ્રોસેસિંગ યુનિટ, તાડપત્રી, પાક સંરક્ષણ સાધનો, પાવર સંચાલીત પંપ સેટ્સ, સોલાર પાવર યુનિટ, વોટર કેરીંગ પાઇપલાઈન અને રાઈડ ઓન સેલ્ફ પ્રોપેલ્ડ મલ્ટીપર્પઝ ટૂલબાર જેવી યોજનાઓ માટે આઇ-ખેડૂત પોર્ટલ તબક્કાવાર ખુલ્લું મૂકવામાં આવશે.

રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા સહીતના કુલ ૧૧ જિલ્લાના ખેડૂતો માટે તારીખ ૨૧ થી ૨૭ સપ્ટેમ્બર સુધી, અમદાવાદ, ખેડા, આણંદ, ગાંધીનગર સાથેના ૧૦ જિલ્લાના ખેડૂતો માટે ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર સુધી અને મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા સહીતના ૧૨ જિલ્લાના ખેડૂતો આગામી ૨૪ થી ૩૦ સપ્ટેમ્બર, સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકાશે.

---------------------

## VP- VISIT Daman

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આવતીકાલથી દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવની ત્રણ દિવસની મુલાકાતે આવશે. કેન્દ્રશાસિત પ્રદેશની તેમની આ પ્રથમ મુલાકાત છે. આ દરમિયાન શ્રી ધનખડ અનેક માળખાકીય અને વિકાસ યોજનાઓની મુલાકાત લેશે અને તેનું ઉદ્ઘાટન કરશે. તેઓ આવતી કાલે દમણના જામપોરમાં પક્ષીગૃહનું ઉદ્ઘાટન કરશે. તેઓ આરોગ્ય અને સુખાકારી

કેન્દ્ર, સરકારી એન્જિનિયરિંગ કોલેજ અને રીંગણવાડા પંચાયત અને જમ્પરિન ખાતે રીંગણવાડા શાળાની પણ મુલાકાત લેશે.

21મી સપ્ટેમ્બરે તેઓ સિલવાસામાં નમો ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચની મુલાકાત લેશે. આ ઉપરાંત તેઓ દીવમાં સ્થાનિક પંચાયતો અને નગરપાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓને મળશે. આ ઉપરાંત ધનખડ, ખુખરી વેસલ અને દીવ કિલ્લા સહિત મુખ્ય સ્થળોની મુલાકાત લેશે. 22 સપ્ટેમ્બરે તેઓ દીવમાં ઘોઘલા બ્લુ ફ્લેગ બીચ અને ઘોઘલા ટેન્ટ સિટીની મુલાકાત લેશે. તેઓ  પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)  અંતર્ગત બનેલા ફ્લેટ્સ અને દીવ ખાતે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે.

.................

## VADODARA – ROAD-RASTA REPER

વડોદરા શહેરમાં માર્ગ મરામતના અંતિમ તબક્કામાં પાંચ હજાર જેટલા ખાડાઓ પુરવામાં આવ્યા હતા. શહેરમાં છેલ્લા 3 દિવસમાં આશરે એક હજાર 250 જેટલા ખાડાઓ પુરવાની કામગીરી પુરી કરવામાં આવી છે. ગત માસમાં પડેલા અતિભારે વરસાદ બાદ લોકલ વાહન વ્યવહારને  સુદ્રઢ બનાવવા માટે તંત્ર દ્વારા ખાસ સુપરવાઇઝરની દેખરેખ હેઠળ ઝડપથી માર્ગ મરામતની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા એમ.એલ.એ. ફંડ મારફત ખાસ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

----------------------------------

## ARJUN MODHVADIYA

સૌરાષ્ટ્રમાં વરસાદ બાદ વરાપ નીકળતા ખેડૂતોને પિયત માટે દરરોજ 8 કલાકના બદલે સતત 12 કલાક વીજળી આપવા પોરબંદરના ભાજપના ધારાસભ્ય અર્જુન મોઢવાડીયાએ રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરી છે.

શ્રી મોઢવાડીયાએ ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈને લખેલા પત્રમાં કૃષિ પાકોમાં ખાસ કરીને મગફળી અને ડાંગરના પાકોના વિકાસ માટે તેમજ દબાઈ ગયેલી જમીનને છૂટી પાડવા પિયતની જરૂર હોવાનું જણાવ્યું હતું. ઉપરાંત એક સાથે કુવા – બોરમાં મોટરો ચાલુ થવાથી વીજ પુરવઠામાં વિક્ષેપ થાય છે, જેને નિવારવા માટે વધારાની ટીમો ફાળવવા પણ રજુઆત કરી છે.

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## 'Gujarat Palette of Nutrition – Raghavji Patel

રાજ્યના કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજી પટેલે દિલ્હી ખાતે 'વિશ્વ ખાદ્ય પરિષદ' માં 'ગુજરાત પેલેટ ઓફ ન્યુટ્રિશનઃ અ રેસિપિ ફોર વિકસિત ભારત @2047' થીમ પર આધારિત  રાજ્યના પ્રદર્શનીનું ઉદ્ઘાટન કર્યું. આજથી શરૂ થયેલી આ સમિટમાં ગુજરાત ભાગીદાર રાજ્ય તરીકે હિસ્સો લઇ રહ્યું છે. આ ચાર દિવસીય પરિષદનું 22 સપ્ટેમ્બરે  દિલ્હીના ભારત મંડપમ ખાતે સમાપન થશે.

----------------------------------

## VAJUBHAI ON NATION ONE ELECTION

એક રાષ્ટ્ર એક ચૂંટણીના પ્રસ્તાવને કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂરી આપી છે. આ અંગે કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ અને ભાજપના અગ્રણી વજુભાઇ વાળાએ પ્રતિક્રિયા આપતા કહ્યું હતું.  એક રાષ્ટ્ર એક ચૂંટણીને કારણે સમયનો બચાવ થશે, સાથોસાથ કેન્દ્ર સરકારના ચૂંટણીઓ પાછળના અબજો રૂપિયાનો ખર્ચ ઘટશે.

(બાઇટ - વજુભાઇ વાળા - પૂર્વ રાજ્યપાલ )

----------------------------------

## AMBAJI MELO- OVERALL

શક્તિપીઠ અંબાજી ખાતે ૧૨ થી ૧૮મી સપ્ટેમ્બર દરમિયાન યોજાયેલ ભાદરવી પૂનમના મહામેળામાં અંદાજે ૩૨ લાખ ૫૪ હજારથી વધુ શ્રદ્ધાળુઓએ ‘માં અંબા’ને શિશ ઝુકાવ્યું હતું.

મહામેળામાં અંદાજે બે કરોડ ૬૬ લાખ રૂપિયાથી વધુની રોકડ અને ૫૦૦ ગ્રામથી વધુ સોનાનું દાન મળ્યું છે. આ સાત દિવસ દરમિયાન એસ.ટી. બસે કુલ ૧૧ હજાર ૪૫૫ ટ્રીપ કરી હતી. જેમાં ૫ લાખ ૪ હજારથી વધુ માઈ ભક્તોએ અંબાજીની મુસાફરી કરી હતી.. જ્યારે, અંદાજે ૬૧ હજારથી વધુ ભક્તોએ ઉડનખટોલાના માધ્યમથી ગબ્બરે ‘જ્યોત’ ના દર્શન પણ કર્યા હતા.

પદયાત્રીઓ અને લાખો શ્રદ્ધાળુઓ માટે વિવિધ માર્ગોમાં સેવાભાવી નાગરિકો- સંસ્થાઓ દ્વારા વિનામૂલ્યે ભોજન પ્રસાદીની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.. આ ઉપરાંત પદયાત્રીઓ માટે મોટી સંખ્યામાં સેવા કેમ્પ શરૂ કરાયા હતા, જેમાં અનેક સેવાભાવી લોકોએ ખડે પગે સેવાઓ આપી હતી.

-----------------------------------

## JAMNAGAR RIVABA MELA

જામનગરના ધારાસભ્ય રિવાબા જાડેજા સંચાલિત ટ્રસ્ટ દ્વારા બહેનોને રોજગારી મળી રહે તેવા હેતુસર પ્રદર્શનની સહ વેચાણનું આયોજન કરવામાં આવ્યું છે, આજથી બે દિવસ માટે શરૂ થયેલા આ મેળામાં 70 થી પણ વધુ સ્ટોલમાં ઉભા કરાયા છે..

આગામી નવરાત્રી, દિવાળી જેવા તહેવારોમાં લોક ઉપયોગી વસ્તુઓ ખરીદીને મહિલાઓને પ્રોત્સાહન મળી રહે અને આર્થિક રીતે પગભર કરવા માટે આ મેળો યોજાયો હોવાનું જામનગરના ધારાસભ્ય રિવાબાએ કહ્યું હતું..

(બાઈટ : રિવાબા રમેન્દ્રસિંહ જાડેજા (ધારાસભ્ય જામનગર)

----------

## SWACCHTA HI SEVA - **DISTRICT**

રાજ્યભરમાં ચાલી રહેલા ‘સ્વચ્છતા અભિયાન’ અંતર્ગત જામનગર તેમજ ડાંગના આહવા બસ સ્ટેન્ડ પરિસર, શૌચાલય, તેમજ બસ સ્ટેન્ડ ની વિવિધ કચેરીઓની સાફ સફાઇ કરવામા આવી હતી અને વિભાગીય નિયામક, બસ ડેપો મેનેજર તેમજ મુસાફરોએ સ્વચ્છતા અંગેના શપથ પણ લીધાં હતાં.

સુરેન્દ્રનગર જિલ્લામાં દૂધરેજ વઢવાણ નગરપાલિકા અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સંયુક્ત ઉપક્રમે “સ્વચ્છતા હી સેવા - ૨૦૨૪“ અંતર્ગત “યોગ શિબિર“નું આયોજન કરવામાં આવ્યું હતું. તો સુરેન્દ્રનગર જિલ્લા પોસ્ટ વિભાગ દ્વારા સ્વચ્છતા શપથ, ઉપરાંત જાહેર જનતાને સ્વચ્છતા માટે જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

કચ્છમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત ચાલતી સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ શાખા દ્વારા જિલ્લાના તમામ ગામડાઓમાં સ્વચ્છતાનો સંદેશ આપવા ગ્રામ્યસ્તરે શાળાના બાળકો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.

દાહોદ જિલ્લામાં જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ જિલ્લા સેવા સદન અને જિલ્લા પંચાયત કચેરી પ્રાંગણની સફાઇ કરવામાં આવી હતી.

ભાદરવી પૂનમ નિમિતે યાત્રાધામ અંબાજીમાં યોજાતા મહા મેળામાં અંબાજીથી 50 કિલોમીટરના એરિયામાં ઉત્તર ગુજરાત વિસ્તારની 70 કોલેજોના 2000 થી વધુ એનએસએસના વિદ્યાર્થીઓ એ મહા સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું હતુ.

CCA ઓફિસ અમદાવાદમાં પાલડીના ટાગોર હોલ તેમજ આસપાસના વિસ્તારોમાં તેમજ વડોદરા, છોટા ઉદેપુર જિલ્લામાં પણ સફાઇ અભિયાનનું આયોજન કરવાં આવ્યું હતું.

---------